


# બિહારમાં નીતિશની પ્રતિષ્ઠા દાવ પર

## નીતિશ કુમાર હાલ બિહારમાં ઝડપી વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષાના નામે મોદીની પ્રશંસા કરતા દેખાય છે : અહેવાલ

દેશભરમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન જારી છે. ત્રણ તબક્કામાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. રાષ્ટ્રીય સ્તર પર તો આ ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિપક્ષની વચ્ચેની દેખાઈ રહી છે. પરંતુ બિહારની વાત કરવામાં આવે તો આ ચૂંટણી મુખ્યપ્રધાન નીતિશ કુમારની પ્રતિષ્ઠા માટેની પણઁ છે. નીતિશ કુમાર માટે આ ચૂંટણી જનમત સગ્રહ તરીકે પણ છે.

જેડીયુના નેતા નીતિશ કુમારે કહ્યુ છે કે આ ચૂંટણી વિકાસ અને રાષ્ટ્રવાદના મુદ્દા પર છે. નીતિશ કુમારે વર્ષ ૨૦૦૫થી બ વખત છાવમી બદલી નાંખી છે. નીતિશ કુમાર કોઈને કોઈ રીતે હજુ સુધી સત્તામાં રહેલા છે. વર્ષ ૨૦૧૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીક જાહેર કરવામાં આવ્યા બાદ નીતિશ કુમારે પોત એનડી સાથ છેડો ફાડી દીધો હતો. ત્યારબાદ નીતિશ કુમાર લાલુ યાદવની પાર્ટી સાથે જોડાણ કરી ગયા હતા. મોદી અને નીતિશ કુમાર વચ્ચે વખતે સંબંધોમાં તિરાડ એટલી હદ સુધી વધી ગઈ હતી કે બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમારે તેમને જુમલાબાજ કહીલ દીધા હતા. બીજી બાજુ મોદીએ પણ તેમને વિશ્વાસઘાત મુખ્યપ્રધાનના ડીએનએમાં હોવાની વાત કરી હતી. ત્યારબાદથી હવ સંબંધોમાં ખુબ સુધારો થઈ ચુક્યો છ. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં જેડીયુ ભાજપની સાથ સંબંધ તોડી લીધા હતા. જો ક તેમની કારમી હાર થઈ હતી. હવે નીતિશ કુમાર અન મોદી એકબીજાની પ્રશંસા કરતા થાકતા નથી. વર્ષ ૨૦૧૪માં બે સીટો જેડીયુન મળી હોવા છતાં જેડીયુને આ વખત ભાજપે ૧૭ સીટ આપી દીધી છે. નીતિશ કુમાર દરેક રેલીમાં બિહારના વિકાસ માટ એનડીએના ચહેરા તરીકે બની ગયા છે. તેમની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઈ છે.



સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ માતાજીના દર્શન અને પૂજા અર્ચના કરી હતી. મુખ્યમંત્રીશ્રી એ સવારની મંગળા આરતીમાં બેસી દર્શન અને પૂજા અર્ચન કર્યા બાદ ગબ્બર પર જઈ માતાજીના દર્શન કર્યા હતા. મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ મીડિયા સાથે આ પ્રસંગે વાત ચિત કરતા જણાવ્યું કે ગુજરાતની અને દેશની પ્રગતિ અને સુખ સમૃદ્ધિ વધે તે માટે માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા છે. વિજય ભાઈ રૂપાણી એ મંદિર સુવર્ણમય શિખર બનાવવા માટે રૂ. ૩૧૦૦૦ નું દાન આપ્યું હતું. અંબાજી મંદિર શિખરને સુવર્ણમય અને યાત્રિકોની સુવિધાઓ અંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ અને કલેકટરશ્રી તથા વહીવટદાર સાથે ચર્ચા કરી હતી. આ વેળાએ મુખ્યમંત્રીશ્રીએ યાત્રિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના ધર્મપત્ની શ્રીમતી અંજલીબહેન રૂપાણી, જિલ્લા ભાજપ પ્રમુખ અને પૂર્વ મંત્રીશ્રી કેશાજી ચૌહાણ, ઉપસ્થિત રહ્યા હતા.

# બસ અને જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ત્રણનાં મોત

બનાસકાંઠા,તા.૨૫

બનાસકાંઠાના થરાદ સાંચોર રોડ પર લકઝરી બસ અને જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે, જેમાં ત્રણ લોકોના ઘટના સ્થળ પર જ મોત થયા છે. જ્યારે બસમાં બેઠેલા કેટલાક પેસેન્જરોને પણ નાની મોટી ઈજા પહોંચી છે.

થરાદ-સાંચોર રોડ પર આવેલા પીલુડા ગામ પાસે રાજસ્થાનની લક્ઝરી પેસેન્જર લઈ જઈ રહી હતી ત્યારે એક જીપ સાથે જબરદસ્ત ટક્કર થઈ, જેમાં જીપમાં બેઠેલા ત્રણ લોકોના ઘટના સ્થળ પર જ મોત નિપજ્યા છે.

આ અકસ્માતમાં લક્ઝરીમાં બેઠેલા લોકોને પણ નાની મોટી ઈજા પહોંચી છે. અકસ્માતની જાણ થતા પોલીસ કાફલો અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા, પરંતુ પોલીસ આવે તે પહેલા જ લક્ઝરી બસનો ડ્રાઈવર બસ મુકી ભાગી જવામાં સફળ રહ્યો હતો. આ અકસ્માતમાં લક્ઝરીમાં બેઠેલા લોકોને પણ નાની મોટી ઈજા પહોંચી છે.

અકસ્માત સ્થળ પર લોકોના ટોળે ટોળા ભેગા થઈ ગયા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી રફૂચક્કર થઈ ગયેલા ડ્રાઈવરને શોધવાની તજવીજ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરી છે. જ્યારે ઘાયલ લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

## આમ આદમી પાર્ટીનો ઘોષણાપત્ર જારી કરાયો

# દિલ્હીને પૂર્ણ રાજ્ય માટેનો દરજ્જો અપાવવા કામ કરાશે

## પૂર્ણ રાજ્યનો દરજ્જો આપનાર કોઈપણ પાર્ટીની સરકારને દિલ્હીમાં ટેકો આપવાની ખાતરી : અનેક મુદ્દાઓને મહત્વ

નવી દિલ્હી, તા. ૨૫

આમ આદમી પાર્ટીએ લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે આજે દિલ્હીમાં પોતાનો ઘોષણાપત્ર જારી કરી દીધો હતો. અરવિંદ કેજરીવાલે પોતે ઘોષણાપત્ર જારી કરીને ખાતરી આપી હતી કે દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે કામ કરવામાં આવશે. સાથે સાથે શિક્ષણ, આરોગ્ય, મહિલા સુરક્ષા, પ્રદૂષણ, સિલિંગ, પરિવહન જેવી સંબંધિત સેવાઓને મહત્વ આપવામાં આવશે. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સિવાય તમામ પક્ષોને ટેકો આપવા માટે તૈયાર છે. ચૂંટણી બાદ કોઈને પણ સરકાર બનાવવા માટે મદદ કરવા માટે તેમની ટીમ તૈયાર છે પરંતુ બદલામાં ઈચ્છે છે કે, સરકાર બની ગયા બાદ દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવે. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, આ ચૂંટણી કોઈને વડાપ્રધાન બનાવવા માટે નહીં બલ્કે દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા માટે છે. કેજરીવાલે ઉમેર્યુ હતું કે, પૂર્ણ રાજ્યનો દરજ્જો મળી ગયા બાદ સરકાર દિલ્હી પોલીસમાં ફેરફાર કરી શકશે. ખાલી જગ્યાઓને ભરી શકાશે. સારાથી ઈમાનદારીથી કામ કરનાર લોકો ફરજ બજાવી શકશે. કેજરીવાલે આમ આદમી પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં અનેક મહત્વપૂર્ણ વચન આપ્યા છે.

ભારતીય જનતા પાર્ટીના ઘોષણાપત્ર ઉપર પ્રહાર કરતા કેજરીવાલે કહ્યું હતું કે, ભાજપના ઘોષણાપત્રમાં કોઈ ખાસ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ત્રણ ધર્મને બાદ કરતા તમામને દેશમાંથી બહાર કરવામાં આવશે. કેજરીવાલે અમિત શાહના એક ટ્વિટનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૯માં મોદી સરકાર બન્યા બાદ ભાજપ મુસ્લિમો, જૈન, ખ્રિસ્તી, પારસી સહિત અન્ય તમામને ઘુસણખોરો તરીકે ગણાવીને બહાર કરી દેશે. કેજરીવાલે દાવા સાથે કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણીમાં કોઈને પણ પૂર્ણ બહુમતિ મળશે નહીં આવી સ્થિતિમાં અમે મોદી અને શાહને બાદ કરતા કોઈની પણ સરકારને ટેકો આપીશું. મોદી અને શાહની જોડીને રોકવા માટે પણ તેમની પ્રાથમિકતા છે. ભારતના બંધારણ ઉપર વિશ્વાસ કરનાર અને એકતાનું સમર્થન કરનાર લોકો ગઠબંધનને ટેકો આપશે. કેજરીવાલે કહ્યું હતું કે, સમર્થન કરતીવેળા એવી આસા રાખવામાં આવશે કે દિલ્હીની ૭૦ વર્ષ જુની પૂર્ણ રાજ્યની માંગને પૂર્ણ કરવામાં આવે.

# તુવેર કૌભાંડમાં સામેલ એક પણ વ્યક્તિને સરકાર છોડશે નહિ : જયેશ રાદડિયા

## ૩૦ માર્ચ તેમજ ૧૧-૧૨ એપ્રિલના રાત્રીના ડાઠાની ભેળસેળ કરવામાં આવી, ૭ સામે ફરિયાદ

જામકંડોરણા,તા.૨૫

રાજ્યમાં મગફળી કાંડ બાદ તુવેર કાંડ સામે આવ્યો છે. મહત્વનું છે કે ગુજરાત સરકારના પુરવઠા નિગમ દ્વારા વિવિધ પાકની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. આ પાક પૈકીના તુવેરની ટેકાના ભાવે થઈ રહેલી ખરીદીમાં કેશોદ ખાતેથી હલકી ગુણવત્તાની તુવેર ઘુસાડવામાં આવી હોવાની વાત સામે આવી હતી. ત્યારે આ મામલો સામે આવતા જેતપુર ખાતે આવેલા સરકારના ગોડાઉનમાંથી આ જથ્થો રિજેક્ટ કરવામાં આવ્યો છે.

ટેકાના ભાવે થઈ રહેલી ખરીદીમાં તુવેરમાં ગોટાળો કરાયો હોવાની વિગતો આવતા કેબિનેટ પ્રધાન જયેશ રાદડિયાએ ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ૩૨૪૧ કટ્ટામાંથી ૧૦૪૨ કટ્ટા હલકી ગુણવત્તાની તુવેરના રિજેક્ટ થયા છે, જ્યારે અન્ય કટ્ટામાં કઈ પણ સમસ્યા નથી.

જામકંડોરણા ખાતે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને રાદડિયાએ જણાવ્યું હતું કે તુવેરની ખરીદીમાં કે તેના ભાવની પ્રક્રિયામાં પારદર્શિતા રાખવામાં આવી છે. કોઈ પણ પ્રકારનું કૌભાંડ થયું નથી પરંતુ જે લોકોએ હલકી ગુણવત્તાની ૩-૪ ગાડી તુવેર ઘૂસાડી છે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે અને એક પણ વ્યક્તિને સરકાર છોડશે નહીં.

જયશે રાદડિયાએ કહ્યું, નબળી તુવેરની ખરીદી કરી તેને ઘૂસાડવામાં સંડોવાયેલા એક પણ વ્યક્તિને સરકાર છોડાશે નહીં. હાલમાં ગ્રેડર સહિત ૭ સામે ગુનો દાખલ કરાયો છે અને તપાસમાં જે કોઈ વ્યક્તિના નામ આવશે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવીશે. અમે આ મામલે વધુ વિગતો મેળવી રહ્યાં છે.''

ખેડૂતોએ તુવેરની સફાઈની કામગીરી અટકાવી હતી. ત્યારે ગોડાઉન મેનેજરે પોલીસ ફરિયાદ કરવાનું મન બનાવી લીધું હતું. ત્યારે ગુજરાત કિશાનનાં ચેરમેન પાલાભાઈ આંબલીયા, મનીષભાઈ નંદાણીયા અહીં દોડી આવ્યાં હતાં. જેલમાં જવું પડે તો ભલે જવું પડે એ કહ્યું હતું. બાદ અધિકારીએ પોલીસ ફરિયાદનું ટાળ્યું હતું.

તો બીજી બાજુ કિસાન કોંગ્રેસના પ્રમુખ પાલ આંબલિયાએ પ્રતિક્રિયા આપતા મંત્રી જયેશ રાદડિયાની વાત પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જયેશ રાદડિયાના ખુલાસા ખોટા હોવાનો આરોપ લગાવ્યો હતો. વધુમાં તેમણે કહ્યું હતું કે, સરકારની મિલિભગતથી કૌભાંડ થયું છે અને આ મામલે તપાસ થશે તો જ હકીકત બહાર આવશે.

તુવેર કાંડ મામલે ડેપ્યુટી સી.એમએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, મારી પાસે હાલ કોઈ માહિતી નથી. મને મીડિયાના માધ્યમથી માહીતી મળી છે. આચાર સહિતાના કારણે હાલમાં કોઈ કાર્યવાહી થતી નથી. જયેશ રાદડિયા દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જેમાં કોઈ પણ વ્યક્તિ સરકારની યોજનાનો ગેર લાભ ઉઠાવશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમજ કોઈપણ વ્યક્તિ દોષિત હશે તો તેને જેલના હવાલે કરવામાં આવશે.

# ભિલોડા કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલેન્સની મહિલાની અરજી મંજુર

ભિલોડા,તા.૨૫

ભિલોડા કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલેન્સની મહિલાની અરજી મેજીસ્ટ્રેટએ મંજુર કરતાં મહિલાઓ ઉપર અત્યાચાર ગુજારતા, લગ્ન કરી મહિલાઓને તરછોડી દેતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલેન્સની મહિલા અરજી મેજીસ્ટ્રેટે મંજુર કરી ગ્રાહ્ય રાખતાં મહિલાઓમાં આનંદની લાગણી પ્રસરી છે. મહિલાઓ ઉપર શારીરીક, માનસિક ત્રાસ અને અત્યાચાર ગુજારી મહિલાઓ સાથે લગ્ન કરી તરછોડી દેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

શામળાજીના રહેવાસી હીનાબેન ગોવિંદભાઈ મનાતને તેમના પતિ ગોવિંદભાઈ ચીમનભાઈ મનાત,સસરા ચીમનભાઈ કચરાભાઈ મનાત, સાસુ જમનાબેન ચીમનભાઈ મનાત, બીજા સાસુ લતાબેન ચીમનભાઈ મનાત, દીયર રમેશભાઈ ચીમનભાઈ મનાત તમામ રહે. મેઘરજ વિરૂધ્ધ ભિલોડા કોર્ટમાં હિંસાથી સ્ત્રીઓની સુરક્ષા અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૧૨ મુજબનો કેસ આશિષ એચ. દવે મેજીસ્ટ્રેટની કોર્ટમાં એડવોકેટ આર. યુ. મનસુરીએ રજુ કર્યો હતો.મહિલાના આધાર પુરાવાના આધારે કોર્ટમાં મેજીસ્ટ્રેટ સમક્ષ કેસ રજુ કર્યો હતો. અત્યાચાર ભોગવનાર મહિલાના સાસરીયાઓ વિરૂધ્ધ હુકમ ફરમાવ્યો હતો. મહિલાને રહેઠાણના ભાગ સંદર્ભે દર મહિને રૂા.૧૦૦૦/ભરણપોષણ પેટે રૂા.૨૦૦૦/-, વળતર પેટે રૂા.૫૦૦૦/- અરજીનો ખર્ચ રૂા.૫૦૦/-આપવાનો મેજીસ્ટ્રેટએ હુકમ કર્યો છે.

૨૧મી સદીના હાઈટેક યુગમાં મહિલાઓ પુરૂષ સમોવડી બની છે પરંતુ સમાજની અંદર ક્યાંક ક્યાંક મહિલા ઉપર અત્યાચાર ગુજારનારા લોકોની પણ જાણે કે કમી નથી મહિલા સાથે લગ્ન કરી એકાએક કોઈ પણ અગમ્ય કારણોસર તરછોડી દેતા પરીવારોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

## ગુજકેટની પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષા સંચાલકોની સ્કુલમાં મોબાઈલનો પરીક્ષા દરમિયાન ઉપયોગ નહીં કરવા માટે પણ સુચના આપવામા આવી છે. આ ઉપરાંત પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓને પ્રવેશ પત્ર સાદુ કેલસી તેમજ કાળીસહી વાળી બોલપેન સિવાય અન્ય કાઈ સાધન સામગ્રી કે સાહીત્ય નહીં લઈ જવા દેવા માટે શાળા સંચાલકોને આદેશ કરાયો છે. તો બીજીતરફ ગરમીના દિવસોમાં વર્ગખંડની બહાર પરીક્ષાર્થીઓને ઠંડુ પાણી પીવા મળી રહે તેવી વ્યવસ્થા કરવા માટે પણ શાળા સંચાલકોને સુચના આપવામાં આવી છે.

## ફેરફારોની સંભાવના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખફા છે. લોકસભામાં જો બેઠકો ઘટી તો રાજ્યના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને તેમના સંગઠનના પદાધિકારીઓને પણ બદલવામાં આવે તેવી સંભાવના છે. સચિવાલયના સૂત્રો કહે છે કે ૨૩મી મે પછી ગુજરાતના વહીવટી તંત્રમાં પણ મોટાપાયે ફેરફારો થાચ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી સચિવાલયના વિભાગોના ઉચ્ચ અધિકારીઓ, બોર્ડ-કોર્પોરેશનના અધિકારીઓ તેમજ રાજ્યના શહેરોના મ્યુનિસિપલ કમિશનરોની બદલી કરે તેમ મનાય છે. રૂપાણી કેટલાક જિલ્લાઓમાં કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ જિલ્લા પોલીસ વડાની બદલીઓ કરે તેમ મનાય છે.

## વૈષ્ણોદેવી સર્કલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જંકશન પર ટ્રાફિકનુ પ્રમાણ વધતા આ સ્થિતિને ધ્યાને રાખીને ઓવર બ્રિજ બનાવાશે. જેમાં સાત બ્રિજ તૈયાર કરાશે. આ રૂટમાં ટ્રાફિકનુ ભારણ વધતા વાહનચાલકો માટે એસ જી હાઈવે પર પીક અવર્સ દરમિયાન પસાર થવુ પણ કસોટીરૂપ બન્યુ છે. આવા સંજોગોમાં રોજબરોજ માર્ગ પર દોડતા વાહનોની સામે ટ્રાફિક વહન કરવાની ક્ષમતા પણ વધારવાની અનિવાર્યતા હોવાથી આ પ્રોજેકટનુ કામ હાથ ધરાયુ છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી રૂટમાં આવતા ક્રોસ જંકશન પર ટ્રાફિકના ભારણને ધ્યાને લઈ વાહનોની અવરજવરને વધુ સરળ બનાવવા માટે કેટલાક જંકશન પર થ્રી લેયર ટ્રાફિક સિસ્ટમ ડેવલપ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જયારે આ મામલે ડિઝાઈન તૈયાર કરીને વિભાગને પણ મોકલી આપવામાં આવી છે. જેમાં ઓવરબ્રિજની સાથે નીચે રસ્તા ઉપરાંત અન્ડર બ્રિજ પણ બનાવાશે. જેથી વિદેશના દેશોની જેમ થ્રી લેયર ટ્રાફિક સિસ્ટમના લીધે સ્થાનિક વિસ્તારમાં તરફ જતા વાહનો પણ સરળતાથી ક્રોસ થઈ શકશે. જયારે રૂટમાં સીધો જતો ટ્રાફિકને પણ અડચણ નડશે નહીં. આ મામલે નેશનલ હાઈવે વિભાગ દ્વારા દરખાસ્ત તૈયાર કરીને વિભાગને સુપ્રત કરી દેવામાં આવી છે. જે દરખાસ્તને મંજુરી અપાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. વૈષ્ણોદેવી જંકશન પર આ પ્રકારની થ્રી લેયર ટ્રાફિક સિસ્ટમ ડેવલપ કરાશે.જયારે ઓવર બ્રિજની કામગીરી પુર્વે આ અન્ડર પાસનુ કામ કરી દેવાશે. અન્ડર પાસની કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

## રોડ-શો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોડ શોની શરૂઆત થઈ હતી. કલાત્મક શંખથી વિકાસ માટે શંખનાદ ફૂંકવામાં આવ્યો હતો. મોદીના કાર્યક્રમમાં બીએચયુની પાસે પણ લોકો ઉમટી પડ્યા હતા. તીવ્ર ગરમી હોવા છતાં લોકો આની ચિંતા કરતા દેખાતા ન હતા. વારાણસી હિન્દુ યુનિવર્સિટીની બંને બાજુએ લોકોનો જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો. કલાકારો પણ પહોંચ્યા હતા. ભાજપના કાર્યકર્તાઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાજપના દિલ્હીના પણ વરિષ્ઠ નેતાઓ પહોંચ્યા હતા. રોડ શો દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અભૂતપૂર્વ વ્યવસ્થા પહેલાથી જ કરવામાં આવી હતી. લંકાથી રોડ શોની શરૂઆત થઈ હતી ત્યારબાદ આ રોડ શો અસ્સી, ભાદીણી, સોનારપુરા, મદનપુરા, ગોડોલિયા મારફતે પસાર થયા બાદ દશાશ્વમેઘ ઘાટ પાસે રોડ શોની પૂર્ણાહૂતિ થઈ હતી. ૨૦૧૪ બાદથી નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત વારાણસીમાં રોડ શો યોજ્યો છે. મોદીએ મેગા શોની શરૂઆત કરતા લોકોનો જોરદાર આભાર માન્યો હતો.

પોલીસ અને અર્ધલશ્કરી દળની ટુકડી બુધવારે જ ગોઠવાઈ ગઈ હતી. કેન્દ્રીયમંત્રી પીયુષ ગોયેલ અને જેપી નડ્ડાએ રોડ શો માટે તમામ વ્યવસ્થા ગોઠવી હતી. મોદીના રોડ શો વેળા અંધાધૂંધીને ટાળવાના પણ પ્રયાસ કરાયા હતા. આવતીકાલે ઉમેદવારીવેળા મોટી સંખ્યામાં દિગ્ગજો ઉપસ્થિત રહેશે. રોડ શો છ કિલોમીટરથી વધુ સમય સુધી ચાલ્યા બાદ તેમાં પુષ્પોની વર્ષા કરવામાં આવી હતી.

## દાઝી જશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોણ લોકો છે જેઓ ષડયંત્ર રચી રહ્યા છે. જે લોકો આવું ષડયંત્ર ઘડી રહ્યા છે તેમને ખબર નથી કે તેઓ આગ સાથે રમત રમી રહ્યા છે.

સુપ્રીમ કોર્ટના જ એક મહિલા કર્મચારીએ ચીફ જસ્ટિસ પર જાતિય શોષણનો આક્ષેપ કરતા ન્યાયતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો અને આ મુદ્દે વિવાદનો વંટોળ ઉઠ્યો છે.

## જમા થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એકાઉન્ટમાં ન્યાયના પૈસા જમા થશે. મેં આ યોજનાનું નામ ન્યાય એટલા માટે આપ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં નરેન્દ્ર મોદીએ, ચોકીદારે હિન્દુસ્તાનના તમામ લોકો સાથે અન્યાય કર્યો છે.

રાજસ્થાનના મારવાડ ક્ષેત્રની ઝાલોરમાં યોજાયેલી વિશાળ જનસભાને સંબોધિત કરતાં રાહુલ ગાંધીએ નોટબંધી અને જીએસટીને ગરીબોના ખિસ્સાના પૈસા છીનવવાનું ષડયંત્ર ગણાવ્યું છે. સાથે રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે, લઘુત્તમ આવક યોજના(ન્યાય)નો સૌથી વધુ ફાયદો દેશના બેરોજગાર યુવાનોને થશે અને દેશમાં માંગ અને રોજગારીમાં વૃદ્ધિ થશે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર વ્યંગ કરતાં કહ્યું કે, અમારી સરકાર તમારા મનની વાત સાંભળશે. ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને નાના દુકાનદારોના દિલની વાત સાંભળશે. તમારા મનની વાત પર સરકાર ચાલશે. જે તમે કહેશો એ જ થશે અને ન્યાય થશે. તેમણે એમ પણ કહ્યું કે, ન્યાય યોજના ખૂબ વિચારીને તૈયાર કરવામાં આવી છે અને આ અંતર્ગત પરિવારની મહિલા સભ્યના બેંક એકાઉન્ટમાં પૈસા જમા થશે.

રાહુલ ગાંધી ન્યાય યોજની સાથે ખેડૂતોના મુદ્દાને લઈને કહ્યું કે, જો ૨૦૧૯માં સરકાર બનશે તો કૃષિ માટે અલગ બજેટ રજૂ કરાશે.

## હડમતીયામાં ૭૨.૭૭ ટકા મતદાન થયું

વડગામ, તા. ૨૫

વડગામ તાલુકાના હડમતીયા ગામમાં લોકસભાની ચૂંટણીમાં ગામનું કુલ વોટીગ ૭૨.૭૭ટકા થવા પામ્યું હતું. હડમતીયા ગામમાં પુરુષનું કુલ વોટીગ ૩૭૧ છે જેની સામે ૨૮૧ પુરુષોએ મતદાન કર્યું હતું, જ્યારે મહિલાઓનું કુલ વોટીગ ૩૯૩ છે જેમાં ૨૮૧ મહિલાઓએ મતદાન કર્યું હતું. ગામનું કુલ વોટીગ ૭૬૪ છે જેમાં ૫૫૬ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. હડમતીયા ગામનું કુલ વોટીગ ૭૨.૭૭ ટકા થયું હોવાનું ભાજપ કિસાન મોરચાના અગ્રણી વિરાભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું.


# પેટ્રોલ ભરાવવા મામલે બબાલ થતા ૪ શખ્શોનો બાઈકચાલક પર ઘાતકી હુમલો

ધાનેરા,તા.૨૫

ધાનેરા શહેરના પેટ્રોલ પંપ પર લાઈનમાંથી વચ્ચે એક વ્યક્તિને પેટ્રોલ ભરી આપતાં મામલો બિચક્યો હતો. પેટ્રોલ ભરનારને ઠપકો આપતા જેણે પેટ્રોલ પૂરાવ્યું હતું તેણે અભદ્ર ગાળો ભાંડવાનું ન કહેતા ઉશ્કેરાઈને તેણે વિરોધ કરનાર પર હુમલો કર્યો હતો. જેમાં બાપે ૩ દીકરા સાથે મળીને વિરોધ કરનારને માર માર્યો હતો. સમગ્ર બનાવ સીસીટીવીમાં કેદ થયા હતા. આરોપીઓ સામે ફરિયાદીએ ઈપીકો ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને બીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધ્યો હતો.

પેટ્રોલ પંપ પર એક વ્યક્તિ બાઈક પર બેસેલા અને એક વ્યક્તિ એક્ટિવા પર બેસેલો દેખાય છે. બંને એકબીજા સામે આંગળી ચીંધતા દેખાય છે. ચાલક થોડું આગળ એક્ટિવા પાર્ક કરીને તેના પરથી ઉતરીને બાઈક પર બેસેલા શખ્સને ધક્કો મારે છે. બંને વચ્ચે તકરાર ચાલે છે. એક્ટિવાથી ઉતરેલો ઈસમ પણ બાઈક પર બેસેલાને ધક્કો મારે છે. બંને વચ્ચે ઝઘડો વધતાં એક વ્યક્તિ વચ્ચે પડે છે. દરમિયાન એક કારમાંથી ઉતરીને બે ઈસમ દોડતા દેખાય છે, એકેય હાથમાં લાકડી અને હોકી સ્ટિક લઈને દોડી જાય છે. ઝઘડા ગડદાપાટુંનો માર મરાય છે. એકબીજાને લાકડી સ્ટિક સહિતના હથિયારથી માર મરાય છે એકના કપડાં ફાટી ગયેલા દેખાય છે.


## જાહેર આભાર



બનાસકાંઠા લોકસભા બેઠકની યોજાયેલી ચૂંટણીમાં જીલ્લાના મતદાર ભાઈ - બહેનો, યુવાન મિત્રોએ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ફરીથી ભારતના વડાપ્રધાન બનાવવાના નિર્ધાર સાથે ભાજપ તરફી જંગી મતદાન કરી / કરાવી લોકતંત્રના મહા ઉત્સવમાં સહભાગી થયા તે બદલ હું આપ સૌનો ઋણી છું અને આપ સૌ મતદાતાઓનો તથા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર આપનાર સૌ સમર્થકો, ભાજપ અગ્રણીઓ, કાર્યકરોનો જાહેર આભાર માનું છું.

પરબતભાઈ એસ.પટેલ
ઉમેદવાર, લોકસભા બનાસકાંઠા
મંત્રીશ્રી, ગુજરાત સરકાર